**ફોજદારી કેસ નં.૬૫૫/૨૦૨૬.**

**જેતપુરના મહે.જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, મુકામઃજેતપુર.**

**આંક-૦૧ તળે હુકમ.**

**ફરિયાદીઃ- શ્રી સરકાર.**

**//વિરુદ્ધ//**

**આરોપીઃ- સુરજ ઉર્ફે ટકો તરૂણભાઈ કનૈયા.**

**ગુનોઃ- ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ.**

૧. આ કામના આરોપી વિરુદ્ધ ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહુ ગુનાનુ નામદાર જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજિસ્ટરે લઈ, અત્રેની અદાલતમાં ઈનસાફી કાર્યવાહી માટે આવેલ છે.

૨. આ કામે આરોપી હાજર થતાં તેઓ જણાવે છે કે, તેઓ આ ગુનો કબૂલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખૂશીથી અને મુક્તિ સંમતિથી કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે. આરોપી વિરુદ્ધ આરોપીનું નિવેદન લેતાં, ગુના કબૂલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીની સ્વૈચ્છીક ગુનાની કબૂલાત ધ્યાને લઈ, ઉપરોક્ત ગુના અંગે તકસીરવાર ઠરાવું છું.

૩. આરોપીને તથા વિદ્વાન એ.પી.પી.ને સજા અંગે સાંભળ્યા. આરોપીની કબૂલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં, વધુમાં આરોપી જણાવે છે કે, તેમનો આ પહેલીવારનો ગુનો છે. જે સરતચુકથી થયેલ છે. ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઈ ગુનો કરશે નહિ. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યક્તિ છે. આરોપી ઉપર તેમના સંચાલનનો મહત્ત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરિવારે પણ પેસીવ પનિસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુનો નહિ કરે તેવી બાહેંધરી કોર્ટ રૂબરૂ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની

તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી, નામદાર ગુજરાત વડી અદાલતના "*ગુજરાત રાજ્ય વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર*(૨૦૦૫(૧) ગુ.લો.રિપોર્ટર પાનું-૭૦૯)નો ચુકાદો તેમજ આરોપીની ગુના કબૂલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં, આરોપીને કાયદાનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજાના કરવાથી પણ ન્યાયનું હિત જળવાઈ રહશે તેમ જણાતું હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

- આથી આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી, રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસો પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૦૨ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવું છું.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જયુડિશિયલ મેંજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC-GJ01563.